કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+પરીક્ષા
પાસ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૫/૧૨૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૭/૨૦૨૧.

વંચાણે લીધા :-

(૧) સામાન્ય વહિવટ વિભાગનો તા.૨૦/૦૧/૨૦૧૫નો પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ.૧/ ક.
(૨) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: કકપ/૧૦૨૦૧૫/૧૧૩/ક
(૩) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: કકપ/૧૦૨૦૧૫/૧૧૩/ક.
(૪) સામાન્ય વહિવટ વિભાગનો તા.૧૫/૦૪/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: કકપ/૧૦૨૦૧૫/૧૧૩/ક.
(૫) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૧૬/૦૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/પેન-૩ /સીસીસી /૨૦૨૧ /૯૧૦૮.

આમુખ :-

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૫ના વંચાણે લીધા ક્રમાંક(૧)ના પરિપત્રથી "જે અધિકારીઓ/કર્મચારીઓએ ૫૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તેઓને અને હવે પછી જે અધિકારીઓ/કર્મચારીઓ જે તારીખે ૫૦ વર્ષ પૂરા કરશે તે તારીખથી તેઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબધિત પરીક્ષા(CCC/CCC+) પાસ કરવામાંથી મુક્તિ આપવાની રહેશે અને આ રીતે મુક્તિ મેળવેલ કર્મચારીઓ/અધિકારીઓ ઉચ્ચતર પગાર ધોરણ/બઢતી મેળવવાને પાત્ર ગણાશે" તે મુજબની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સામાન્ય વહિવટ વિભાગના તા.૧૫/૦૪/૨૦૨૧ના વંચાણે લીધા ક્રમાંક (૪)ના ઠરાવથી, તા.૨૦/૦૧/૨૦૧૫ના પરિપત્રની સૂચનાઓ ધ્યાને લઈ, વંચાણે લીધા ક્રમ (૨) અને (૩) સામેના તા.૦૧/૦૮/૨૦૧૫ અને તા.૦૪/૦૫/૨૦૧૧ના ઠરાવમાં સુધારો કરી "જે કર્મચારી/અધિકારીઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ નથી પરંતુ તેઓ બઢતીની અન્ય તમામ જોગવાઈઓ/શરતો સંતોષતા હોય તો તેઓને બઢતી માટે યોગ્ય ગણી તેઓનું નામ પસંદગી યાદીમાં સમાવવાનું રહેશે. પરંતુ આવા કર્મચારી/અધિકારીઓએ પસંદગી યાદીના છેલ્લા ક્રમ પરના ઉમેદવારને બઢતી આપવામાં આવે અથવા બઢતી માટેની ખાતાકીય પસંદગી સમિતીની બેઠકની તારીખથી એક વર્ષ, તે બે માંથી જે મોડુ હોય ત્યાં સુધીમાં કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કર્યેથી કે ૫૦ વર્ષ પૂર્ણ કર્યેથી કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવેલ હશે તો જ તેઓને નિયમાનુસારની બઢતી આપવાની રહેશે. આ અંગે જે તે વિભાગ/કચેરીએ સંબધિત કર્મચારી/અધિકારીને ખરેખર બઢતી આપવામા આવે ત્યારે તેઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ હોવાની કે ૫૦ વર્ષ પૂર્ણ કરવાથી કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવેલ હોવાની પુરતી ખરાઈ કરી લેવાની રહેશે" તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

શ્રી ગવાડ
3.8.21

કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા તા.૧૬/૦૬/૨૦૨૧ના વંચાણે લીધા ક્રમાંક(૫)ના પત્રથી સામાન્ય વહિવટ વિભાગના તા.૧૫/૦૪/૨૦૨૧ના ઠરાવની જોગવાઈ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને લાગુ પાડવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

GEN/326/IT
03/08/21.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના જે કર્મચારીઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ નથી પરંતુ તેઓ બઢતીની અન્ય તમામ જોગવાઈઓ/શરતો સંતોષતા હોય તો તેઓને બઢતી માટે યોગ્ય ગણી તેઓનું નામ પસંદગી યાદીમાં સમાવવાનું રહેશે. પરંતુ આવા કર્મચારીઓએ પસંદગી યાદીના છેલ્લા ક્રમ પરના ઉમેદવારને બઢતી આપવામાં આવે અથવા બઢતી માટેની ખાતાકીય પસંદગી સમિતીની બેઠકની તારીખથી એક વર્ષ, તે બે માંથી જે મોડુ હોય ત્યાં સુધીમાં કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કર્યેથી કે ૫૦ વર્ષ પૂર્ણ કર્યેથી કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવેલ હશે તો જ તેઓને નિયમાનુસારની બઢતી આપવાની રહેશે. આ અંગે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ સબંધિત કર્મચારીને ખરેખર બઢતી આપવામા આવે ત્યારે તેઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ હોવાની, કે ૫૦ વર્ષ પૂર્ણ કરવાથી કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવેલ હોવાની પુરતી ખરાઈ કરી લેવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૨/૦૭/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એચ.ઠકોર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા.મા. અને પ્રૌ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા અને મા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડૉ.ભવરાજ મેહતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી(કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે.
- નાયબ સેકશન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.